# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-01-2025** **Midday : 1.20 to 1.30 pm**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

****************************************************

1) **સહકાર મંત્રી અમિત શાહ આજે મુંબઇમાં સહકારી ક્ષેત્રને લગતી અનેક પહેલો શરૂ કરશે**

2) **આજે દેશભરમાં રાષ્ટ્રીય કન્યા દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.**

3) **ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં આજે ત્રણ દિવસ ના ડ્રોન શોનો પ્રારંભ થશે**

4) **અમેરિકામાં ગેરકાનૂની રીતે અથવા કામચલાઉ વિઝા પર રહેતા લોકોનાં બાળકોને અમેરિકન નાગરિકતાથી વંચિત કરતા આદેશ પર સ્ટે**

5) **ઓસ્ટ્રેલિયન ઓપનમાં નોવાક જોકોવિચ ઇજાગ્રસ્ત થતાં જર્મનીના એલકઝાન્ડર ઝેવરેવ પુરુષો સિંગલ્સની ફાઇનલમાં**

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# AMIT-SHAH---NUCFDC

ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે મુંબઈમાં રાષ્ટ્રીય શહેરી સહકારી નાણાં અને વિકાસ નિગમના કોર્પોરેટ કાર્યાલયનું ઉદ્ઘાટન કરશે. શ્રી શાહ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'સહકાર સે સમૃદ્ધિ'ના વિઝનને અનુરૂપ સહકારી ક્ષેત્રને લગતી અનેક પહેલો પણ શરૂ કરશે. તેઓ આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ - 2025 નું વાર્ષિક કેલેન્ડર પણ બહાર પાડશે.

શ્રી શાહ દેશમાં દસ હજાર નવી રચાયેલી સોસાયટીઓ માટે તાલીમ કાર્યક્રમ અને પ્રાથમિક સહકારી સોસાયટીઓ માટે રેન્કિંગ સિસ્ટમ શરૂ કરશે. શહેરી સહકારી બેંકોની વ્યવસાયિક મુશ્કેલીઓ દૂર કરવા માટે સરકારે આ નિગમની સ્થાપના કરી છે. આનાથી લગભગ દોઢ હજાર શહેરી સહકારી બેંકોને જરૂરી માહિતી ટેકનોલોજી સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. રિઝર્વ બેંકે કોર્પોરેશનને નોંધણીની તારીખથી મહત્તમ એક વર્ષની અંદર એટલે કે 8 ફેબ્રુઆરી, 2025 સુધીમાં ચૂકવાયેલ મૂડી પ્રાપ્ત કરવાનો નિર્દેશ આપ્યો છે

# NATIONAL GIRL CHILD DAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાષ્ટ્રીય કન્યા દિવસની ઉજવણી નિમિત્તે શુભેચ્છા પાઠવી છે. આ ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજમાં કન્યાઓના અધિકારો, શિક્ષણ, આરોગ્ય અને સલામતી વિશે જાગૃતિ લાવવાનો છે. તેનો ઉદ્દેશ્ય દરેક કન્યાનું સન્માન કરવાનો અને તેમને આગળ વધવા અને અભ્યાસ કરવા માટે સમાન અધિકારો પૂરા પાડવાનો પણ છે. આ વર્ષે રાષ્ટ્રીય કન્યા દિવસની ઉજવણી "ઉજ્જવળ ભવિષ્ય માટે કન્યાઓનું સશક્તિકરણ" ની વિષયવસ્તુ સાથે કરવામાં આવી રહી છે. રાષ્ટ્રીય કન્યા દિવસની શરૂઆત વર્ષ 2008 માં મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, દીકરીઓને શિક્ષણ, તેમના અધિકારો અને તેમના વિકાસ માટે તમામ તકો પૂરી પાડવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા 22 જાન્યુઆરી 2015 ના રોજ બેટી બચાવો બેટી પઢાઓ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું

# RAJNATH-SANJAY

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે નવી દિલ્હીમાં યુદ્ધ ક્ષેત્ર દેખરેખ પ્રણાલી - સંજયનો પ્રારંભ કરાવ્યો. આ દેખરેખ પ્રણાલી યુદ્ધક્ષેત્રની પારદર્શિતા વધારશે અને તેના અદ્યતન સેન્સર ભવિષ્યના યુદ્ધોનું વધુ સારું ચિત્ર આપી શકશે. આ પ્રણાલી આ વર્ષે માર્ચથી ત્રણ તબક્કામાં ભારતીય સેનામાં સામેલ કરવામાં આવશે. આ પ્રણાલી વિશાળ જમીન સરહદોનું નિરીક્ષણ કરવામાં, હુમલાઓને રોકવામાં અને યુદ્ધની પરિસ્થિતિનું સચોટ વિશ્લેષણ કરવામાં મદદ કરશે. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ પ્રણાલી ગુપ્ત માહિતી અને દેખરેખને અનેકગણી વધારશે. તેનો સમાવેશ ભારતીય સેનામાં ડેટા અને નેટવર્ક કામગીરીમાં એક નવી શરૂઆત કરશે.

યુદ્ધ ક્ષેત્ર દેખરેખ પ્રણાલી - સંજય, ભારતીય સેના અને ભારત ઇલેક્ટ્રોનિક્સ લિમિટેડ દ્વારા સંયુક્ત રીતે સ્વદેશી રીતે વિકસાવવામાં આવી છે. જેને 2 હજાર 402 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવી છે. પ્રજાસત્તાક દિવસની પરેડમાં કર્તવ્ય પથ પ  યુદ્ધ ક્ષેત્ર દેખરેખ પ્રણાલી - સંજય મુખ્ય આકર્ષણ રહેશે

# NSQ-DRUGS DATA

વિવિધ ફાર્મા કંપનીઓ દ્વારા નવેમ્બર મહિનામાં ઉત્પાદિત 135 દવાઓ નબળી ગુણવત્તા ધરાવતી હોવાનું કેન્દ્ર સરકાર અને રાજ્યોની લેબોરટેરીનાં પરીક્ષણમાં જણાવાયું છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે જણાવ્યું છે કે, આ દવાઓનાં નમૂના એક કે તેનાથી વધુ ગુણવત્તા માપદંડોમાં નિષ્ફળ જતાં તેને નબળી ગુણવત્તાની જાહેર કરાઈ છે. સરકારી લેબોરેટરીમાં ચોક્કસ બેચની પ્રોડક્ટ નિષ્ફળ સાબિત થઇ છે અને બજારમાં ઉપલબ્ધ અન્ય બેચની દવાઓ સારી ગુણવત્તાની હોઇ શકે છે. નબળી ગુણવત્તાની દવાઓ ઓળખીને બજારમાં દૂર થાય તે સુનિશ્ચિત કરવા કેન્દ્ર સરકાર રાજ્યોનાં ઔષધિ નિયમનકાર સાથે મળીને નિયમિત ધોરણે દવાઓનું પરિક્ષણ કરે છે.

# MAHA KUMBH - DRONE SHOW

અને હવે મહાકુંભ અંગેના સમાચાર...

(મહાકુંભ મ્યુઝિક)

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં આજથી ત્રણ દિવસનો ડ્રોન શો શરૂ થઈ રહ્યો છે. આ શોમાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને સનાતની પરંપરાના વારસાને દર્શાવવામાં આવશે.

મહાકુંભની આધ્યાત્મિક ગાથા તેનું મુખ્ય આકર્ષણ રહેશે. જેમાં ભારતીય પરંપરાઓને રજૂ કરવામાં આવશે. આ શોમાં દેશમાં બનેલા 2 હજાર 500 ડ્રોનનો સમાવેશ થશે જે ત્રણ દિવસ સુધી સંગમ ખાતે વિવિધ વિષયો પર પ્રદર્શન કરશે. જેમાં દેવતાઓ અને દાનવો વચ્ચેના સંઘર્ષ અને સમુદ્ર મંથનમાંથી અમૃત કળશ મેળવવા અને કુંભ કળશની ઉત્પત્તિ અને મહત્વ પર પ્રદર્શનનો સમાવેશ થાય છે.

(મહાકુંભ મ્યુઝિક)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરશો.

# TRUMP-JFK DOCUMENTS

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જ્હોન એફ કેનેડી, રોબર્ટ એફ કેનેડી અને માર્ટિન લ્યુથર કિંગ જુનિયરની હત્યાને લગતાં દસ્તાવેજો બિન-વર્ગીકૃત કરવાનાં વહીવટી આદેશ પર હસ્તાક્ષર કર્યા છે. ગઈ કાલે ઓવલ ઓફિસમાં પત્રકારો સાથેની વાતચીતમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પે જણાવ્યું કે, ઘણાં લોકો આ પગલાંની દાયકાઓથી રાહ જોઈ રહ્યા હતા અને અમેરિકન લોકોને અમેરિકાનાં ઇતિહાસનાં ત્રણ મોટાં હત્યા કેસ અંગે જાણવાનો સમય પાકી ગયો છે. આ હૂકમમાં ટોચનાં વહીવટી અધિકારીઓને 15 દિવસમાં આ દસ્તાવેજો બિન-વર્ગીકૃત કરવાની યોજના રજૂ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

તત્કાલીન રાષ્ટ્રપતિ જ્હોન એફ કેનેડીની હત્યા 1963માં ડલ્લાસમાં થઈ હતી. જ્યારે 1968માં તેમના ભાઇ રોબર્ટ એફ કેનેડી તથા અમેરિકાના પ્રસિધ્ધ નાગરિક અધિકાર નેતા માર્ટિન લ્યુથર કિંગ જુનિયરની હત્યા થઈ હતી.

# US CITIZENSHIP COURT ORDER

અમેરિકાની ફેડરલ કોર્ટના ન્યાયાધીશે ગઈ કાલે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનાં એ વહીવટી આદેશ પર કામચલાઉ રોક લગાવી, જેમાં દેશમાં ગેરકાનૂની રીતે અથવા કામચલાઉ વિઝા પર રહેતા લોકોનાં બાળકોને અમેરિકન નાગરિકતાથી વંચિત કરવામાં આવ્યા છે. અમેરિકાના જિલ્લા ન્યાયાધીશ જ્હોન કોહેનરે આ આદેશને પડકારતી અરજીઓ પરની પ્રથમ સુનાવણી દરમિયાન આદેશને સંપૂર્ણ બિનબંધારણીય ગણાવીને તેનાં અમલ પર 14 દિવસ માટે કામચલાઉ રોક લગાવી છે.

અમેરિકન બંધારણનાં 14મા સુધારા પ્રમાણે અમેરિકાની ધરતી પર જન્મ લેનાર બાળકોને નાગરિકતાનો અધિકાર આપવામાં આવ્યો છે. વિદેશીઓ પર નિયંત્રણ મૂકવા માટે રાષ્ટ્રપતિ ટ્રમ્પે બીજા કાર્યકાળમાં શપથ લીધા બાદ તરત જ ઉપરોક્ત આદેશ જારી કર્યો હતો.

# ABU DHABI & DUBAI -RAIL

એતિહાદ રેલવે દ્વારા ગઈકાલે અબુ ધાબી અને દુબઈ માટે હાઇ-સ્પીડ ટ્રેન પ્રોજેક્ટની જાહેરાત કરવામાં આવી. જેનાથી અબુ ધાબી અને દુબઈ વચ્ચેનું અંતર માત્ર 30 મિનિટમાં કાપી શકાશે. આ ટ્રેન 350 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડશે, જે મુસાફરીના સમયમાં ઘટાડો કરશે, તેમજ અબુ ધાબી અને દુબઈ વચ્ચે જોડાણ વધારશે.

એતિહાદ રેલવે મુજબ આ પહેલ આગામી 50 વર્ષોમાં UAEના GDPમાં 145 બિલિયન દિરહામનું યોગદાન આપશે. આ નવી હાઇ-સ્પીડ ટ્રેન અગાઉ જાહેર કરાયેલી એતિહાદ રેલ પેસેન્જર સેવાથી અલગ છે, જે યુએઈની માલવાહક ટ્રેનો જેવું જ નેટવર્ક ધરાવે છે.

# AUS. OPEN TENNIS TOURNAMENT

ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસમાં, બીજા ક્રમાંકિત જર્મન ખેલાડી એલેક્ઝાન્ડર ઝેવરેવે પુરુષ સિંગલ્સની ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. આજે મેલબોર્નના રોડ લેવર એરેના ખાતેની તેમની સેમિફાઇનલ મેચ દરમિયાન સાતમા ક્રમાંકિત નોવાક જોકોવિચ ઇજાને કારણે મેચમાંથી બહાર થતાં ઝેવરેવ ફાઇનલમાં રમશે.

10 વખતના ઓસ્ટ્રેલિયન ઓપન ચેમ્પિયન, જોકોવિચને પ્રથમ સેટ 7-6થી ગુમાવ્યા બાદ ઈજાના કારણે નિવૃત્તિ લેવાની ફરજ પડી હતી. આજે બીજી સેમિ ફાઇનલમાં વર્તમાન ચેમ્પિયન અને ટોચના ક્રમાંકિત ઇટાલિયન ખેલાડી જેન્નિક સિનેર 21મા ક્રમાંકિત અમેરિકાના બેન શેલ્ટન સામે રમશે. ફાઇનલ મેચ રવિવારે રમાશે. મહિલા સિંગલ્સની ફાઇનલ આવતી કાલે રમાશે.

# CRICKET---BIG-BASH-LEAGUE

બિગ બેશ લીગ (BBL) ક્રિકેટમાં, મોઇસિસ હેનરિક્સની આગેવાની હેઠળની સિડની સિક્સર્સ આજે ઓસ્ટ્રેલિયાના સિડની ક્રિકેટ મેદાન પર ડેવિડ વોર્નરની આગેવાની હેઠળની સિડની થંડર સામે મહત્વપૂર્ણ ચેલેન્જર મેચ રમશે. આ મેચ ભારતીય સમય મુજબ બપોરે 1:45 વાગ્યે શરૂ થશે. આ મેચની વિજેતા ટીમ આ મહિનાની 27મી તારીખે હોબાર્ટના બેલેરીવ ઓવલ ખાતે લીગની અંતિમ મેચમાં હોબાર્ટ હરિકેન્સનો સામનો કરશે.

# NATIONAL-SCHOOL-BAND-FINALE

રાષ્ટ્રીય શાળા બેન્ડ સ્પર્ધાનો બે દિવસીય ગ્રાન્ડ ફિનાલે કાર્યક્રમ આજથી નવી દિલ્હીના મેજર ધ્યાનચંદ નેશનલ સ્ટેડિયમ ખાતે યોજાઈ રહ્યો છે. શિક્ષણ મંત્રાલયે સંરક્ષણ મંત્રાલયના સહયોગથી તેનું આયોજન કર્યું છે. આ વર્ષે, રાજ્ય અને પ્રાદેશિક સ્તરની સ્પર્ધાઓ દ્વારા ૧૩ રાજ્યોમાંથી ૧૬ બેન્ડ ટીમોની ફાઇનલ માટે પસંદગી કરવામાં આવી છે. પ્રથમ વખત, ત્રણ સરકારી શાળાઓની બેન્ડ ટીમોને પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભાગ લેવાની તક મળી છે.

# RAM GOPAL CASE

બોમ્બે વડી અદાલતે ગઈ કાલે ચેક બાઉન્સ કેસમાં સુપ્રસિદ્ધ ફિલ્મસર્જક રામગોપાલ વર્માને દોષિત ઠેરવીને ત્રણ મહિનાની સાદી જેલની સજાનો હૂકમ કર્યો છે. સાત વર્ષ જૂના આ કેસમાં એક કંપનીએ નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની 138મી કલમ હેઠળ રામગોપાલ વર્મા વિરુધ્ધ કેસ કર્યો હતો.

અંધેરીની મેજીસ્ટ્રેટ અદાલતે શ્રી વર્માને દોષિત ઠેરવીને જેલની સજા કરી હતી અને ફરિયાદીને ત્રણ મહિનામાં 3 લાખ 72 હજાર રૂપિયાનું વળતર ચૂકવવા આદેશ કર્યો હતો. જો નિયત સમયમર્યાદામાં વળતર ન ચૂકવવામાં આવે તો વધુ ત્રણ મહિનાની જેલ ભોગવવી પડશે. કાર્યવાહી  દરમિયાન શ્રી વર્મા ગેરહાજર હોવાથી અદાલતે તેમની ધરપકડ માટે બિન-જામીનપાત્ર વોરન્ટ જારી કર્યું હતું.